©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 30th OCTOBER, 2025/KARTIKA 08, 1947 [No. 7142

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ, જુનાગઢ

અધિસુચના

જા.નં. જુડા/મુ.ન.ર.યો.નં. ૫(ઝાંઝરડા)/ઈરાદો/પ્રિસધ્ધી/૨૦૨૫/૨૦૫૨.-જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ(જુડા), જુનાગઢ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬ મુજબ જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે; ઝાંઝરડાની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઝાંઝરડા)નો ઈરાદાની પ્રસિધ્ધી આપવા બાબત.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫(ઝાંઝરડા) ની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ, ૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે; ઝાંઝરડામાં નીચે જણાવ્યા મુજબ ચર્તુ:સીમામાં સમાવેશ થતા રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરોને આવરી લેતા વિસ્તાર માટેની મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કર્યા અંગેનો ઠરાવ જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૭/૧૦/૨૦૨૫ની ૪૦(ચાલીસ)મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક: ૨૫૦ થી કરેલ છે.

ઠરાવ : સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઝાંઝરડા)ને અગાઉ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીની મંજુરી અર્થે તા.૩૧/૦૫/૨૦૨૪ ના પત્ર નં. જુડા/મુ.ન.ર.યો.૫(ઝાંઝરડા)/૨૦૨૪/૨૩૬ થી ૨૩૮ થી સાદર કરવામાં આવતાં સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા તા.૨૬-૦૭-૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંક:GH/V/120 ના 2024/UDUHD/TPS/E-FILE/18/2024/4044/L થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઝાંઝરડા)ને ના-મંજુર કરવામાં આવેલ. તેમજ સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા તા.૨૯-૦૮-૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંક:UDUHD/MSM/E-FILE/18/2024/5970/L થી નવેસરથી કાયદાની જોગવાઈઓ અનુસરી સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઝાંઝરડા) બનાવવા અંગે અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાનો ઈરાદો જાહેર કરી અધિનિયમ-૧૯૭૬ અને તે તળેના નિયમો-૧૯૭૯ હેઠળની આગળની તમામ કાર્યવાહી જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ(જુડા) કચેરી દ્વારા નિયત સમયમર્યાદામાં કરવા જણાવવામાં આવેલ. જેથી સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫ (ઝાંઝરડા) બાબતે અગાઉ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા તા.૦૯-૦૧-૨૦૨૩ ના પત્ર ક્રમાંક : મુ.ન.ર.યો.નં.૫(ઝાંઝરડા)/જુનાગઢ/કલમ-૪૧(૧)/સૌ/ ૧૦૮ પત્રથી અપાયેલ હદ પરામર્શ/ મંજુરી મુજબ હદમાં કોઈ ફેરફાર થયેલ ન હોય, અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫(ઝાંઝરડા) નો ઈરાદો જાહેર

કરવા તથા અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) હેઠળ યોજના પ્રસિધ્ધ કરવા સુધીની તમામ આગળની આનુસાંગીક કાર્યવાહી કરવાની સત્તા માન. ચેરમેનશ્રી/ માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવાનું સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યુ.

સદરહું અધિનિયમની કલમ ૪૧(૨) ની જોગવાઈ અનુસાર સદર યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩) ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ(જુડા),જુનાગઢ કચેરીમાં કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લો રાખેલ છે.

મુસદારૂપ નગર રચના યોજના નં.૫(ઝાંઝરડા)ના વિસ્તારની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

પૂર્વે : મોજે : ઝાંઝરડા ગામના સર્વે નં. ૩૯/૧,૩૯/૨,૩૮/૨,૩૦/૧/૨,૩૧,૩૨,૨૨,૨૩ અને ૨૪ તથા મોજે : જોષીપરા અને જુનાગઢ ગામની હદ તથા ઝાંઝરડા ગામના બાકી રહેતા સર્વે નંબરો.

પશ્ચિમે : મોજે : ઝાંઝરડા ગામના સર્વે નં. ૮૦,૪,૫ તથા મોજે:નાંદરખી અને ઉમટવાડા ગામની હદ.

ઉતરે : મોજે : ઝાંઝરડા ગામના સર્વે નં.૮૦,૮૧,૮૨,૮૩,૮૫,૯૧,૯૨,૯૩,૪૬,૪૭,૪૮,૪૧/૧,૩૯/૧ તથા મોજે : જોષીપરા ગામની હદ તથા ઝાંઝરડા ગામના બાકી રહેતા સર્વે નંબરો.

દક્ષિણે : મોજે : ઝાંઝરડા ગામના સર્વે નં. ૫,૬,૮,૯,૧૦,૧૨,૧૩,૧૭,૧૮/૧,૧૮/૨,૨૪ તથા મોજે : ચોબારી તથા જુનાગઢ ગામની હદ તથા ઝાંઝરડા ગામના બાકી રહેતા સર્વે નંબરો.

ક્રમાંક : જુડા/મુ.ન.ર.યો.નં.૫(ઝાંઝરડા)/ઈરાદો/પ્રિસધ્ધી/૨૦૨૫/૨૦૫૨

તા. ૧૮-૧૦-૨૦૨૫

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ
જુનાગઢ

સરનામું :

જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ ,

પંકજ બંગલો, પ્રથમ માળ, સોરઠ ભવન સામે,

રેલ્વે સ્ટેશન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.01 12:12:51 IST